# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૨-અ/રજિસ્ટ્રેશન/ ૨૭૦૨ /૨૦૧૨**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૧૪-૦૯-૨૦૧૨**

**પરિપત્ર ક્રમાંક : ૧૭૭**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યોઓને કુલપતિશ્રીના આદેશ અનુસાર જણાવવાનું કે, આ યુનિવર્સિટીના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવાનું થાય છે. આપની કૉલેજ/સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન ફોર્મ ભરાવીને, જરૂરી બિડાણો અલગ બંચમાં નિયત પત્રક અને ફી સાથે આ કાર્યાલયને **તા. ૩-૧૦-૨૦૧૨** સુધીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે. ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ રજિસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

**રજિસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે**

૧. રજિસ્ટ્રેશન ફોર્મની કિંમત રૂ. ૨૫/- અને રજિસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- રાખવામાં આવેલ છે.

૨. સદર રજિસ્ટ્રેશન ફોર્મ સ્કેન કરવાના હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી રજિસ્ટ્રેશન ફોર્મ ખૂબજ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં ભરવાના રહેશે. જેથી નામ કે અન્ય વિગતોનું ખોટું સ્કેનિંગ થાય નહીં.

૩. રજિસ્ટ્રેશન ફોર્મ સાથે ટી.વાય. બી.એ., બી.કૉમ., બી.એસસી., એમ.એ., એમ.કૉમ., એમ.એસસી.નાં ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે અલગ બંચમાં રાખવી.

૪. ગુજરાત યુનિવર્સિટીના ઑર્ડિ. ૭૦ની જોગવાઈ મુજબ ગુજરાત યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા અગાઉ આ યુનિવર્સિટીનું પ્રવેશ યોગ્યતાનું પ્રમાણપત્ર **(પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ)** મેળવવું ફરજિયાત છે. તેની નકલ રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવો તે ડોક્યુમેન્ટ સાથે બીડવાની રહેશે.

૫. બી.એડ્. રજિસ્ટ્રેશન સાથે જરૂરી તમામ ડોક્યુમેન્ટ બીડવાના રહેશે.

૬. રજિસ્ટ્રેશનની ક્ષતિઓ નિવારી શકાય તે હેતુસરથી પ્રથમ ગુજરાત યુનિવર્સિટીના ત્યારબાદ OUG અને પછી OUના વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનાવવાની રહેશે. તે પ્રમાંણે ૫૦ના બંડલમાં જમા કરાવવાના રહેશે.

૭. બી.એડ્. એકમ દ્વારા નિયત થયેલ નીતિનિયમો અને પ્રવેશનાં ધોરણો મુજબ પ્રવેશ આપવામાં આવેલ હશે તેટલા વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન ફોર્મ મોકલી આપવાના રહેશે. તેમ છતાં તે સિવાયનાં ફોર્મ જણાશે તો યુનિવર્સિટી દ્વારા રદ કરી દેવામાં આવશે.

૮. કૉલેજમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીની યાદી બી.એડ્. એકમ દ્વારા પ્રમાણિત કરેલ હોય તેટલી સંખ્યામાં રજિસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

૯. બી.એડ્. એકમ દ્વારા જેટલા વિદ્યાર્થીઓ ફાળવવામાં આવેલ હશે તે ઉપરાંત મેનેજમેન્ટ દ્વારા પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓની યાદી બી.એડ્. એકમ દ્વારા પ્રમાણિત કર્યા બાદ જ રજિસ્ટ્રેશન નંબર ફાળવવામાં આવશે.

૧૦. રજિસ્ટ્રેશન ફોર્મના નીચેના ભાગમાં વિષયો અને કોડની માહિતી કૉલેજ દ્વારા ભરવાની રહેશે. વિદ્યાર્થીએ ભરેલ અન્ય માહિતીની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરી લેવી. જેથી પાછળથી કોઈ સુધારાવધારા માટેની જરૂરિયાત ઊભી થાય નહીં.

૧૧. રજિસ્ટ્રેશન ફી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર **"કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯"**ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. **ડિમાન્ડ ડ્રાફ્ટ/પે. ઑર્ડર બૅંક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. રોકડ રકમ સ્વીકારવામાં આવશે. પરંતુ ચેક કોઈપણ સંજોગોમાં સાવીકારવામાં આવશે નહીં.**

[P.T.O.

૧૨. **રજિસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના** :

(ક) વિદ્યાર્થીનો ફોટોગ્રાફ ચોંટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો. ***ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહીં.***

(ખ) વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન ફોર્મ પરની નિયત જગ્યાએ સિરિયલ નંબર ૦૦૧થી શરૂ કરી અંત સુધી ક્રમશ: સિરિયલ નંબર લખવાના રહેશે. પ્રથમ GUના તમામ ત્યારબાદ OUG અને પછી OU જો કોઈ કારણોસર બીજી વખત ફોર્મ જમા કરવાના થાય તો છેલ્લા નંબરના ક્રમથી ક્રમશ: સિરિયલ નંબર લખવાના રહેશે. **Missing** કે **Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ***ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિં,*** ફોર્મ સ્કેન કરવાના હોવાથી પ્લાસ્ટિક કવરમાં મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય. અન્ય બિડાણો અલગ ફાઈલ અથવા બંચમાં મોકલવા.

(ગ) રજિસ્ટ્રેશન ફોર્મ પર દર્શાવેલ સિરિયલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી. અને તેના પર રજિસ્ટ્રેશન ફોર્મ પરનો સિરિયલ નંબર લખવો. જેથી રજિસ્ટ્રેશનની ક્ષતિ સુધારવામાં સરળતા રહે.

૧૩. રજિસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓએ **Black & Blue** પેનનો જ ઉપયોગ કરવો. શાહી કે પોન્સિલનો ઉપયોગ કરવો નહીં.

૧૪. વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં **CAPITAL LETTER** થી જ લખવા ખાસ સૂચના આપવી.

૧૫. વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા રજિસ્ટ્રેશન ફોર્મ નીચેના નમૂનામાં પ્રમાણેની બે નકલ સાથે આ કાર્યાલયમાં મોકલવાના રહેશે.

**નોંધ : (૧) રજિસ્ટ્રેશન ફોર્મના કોલમ નં. ૧માં જણાવેલ એચ.એસ.સી. માર્કશીટને બદલે સ્નાતક-અનુસ્નાતકની માર્કશીટમાં દર્શાવ્યા મુજબનું નામ લખવાના રહેશે.**

કૉલેજનું નામ :..........................................................................................................કૉલેજ કોડ.......................

| ક્રમ | રોલ નંબર | વિદ્યાર્થીનું પૂરું નામ | Special Fild | Method-I | Method-II | Foundation | G.U.<br>O.U.G.<br>O.U. |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

૧૬. **વધુમાં જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક સત્રના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન ફોર્મની સાથે પરીક્ષા ફી રૂ. ૨૦૦/- લેવાની રહેશે. તદ્ઉપરાંત વિદ્યાર્થીદીઠ, સત્રદીઠ, સાંસ્કૃતિક ફી રૂ. ૧૦/- તથા સ્પોર્ટ ફી રૂ. ૫/- સાથે જ લેવાની રહેશે. જે રજિસ્ટ્રેશન ફી સાથે જ યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવાની રહેશે.**

૧૭. **સેમેસ્ટર-૧ અને ૨ના રીપિટર વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના આવેદનપત્ર અને ફી અંગેનો પરિપત્ર અલગથી કરવામાં આવશે.**

૧૮. **(A) રજિસ્ટ્રેશન ફોર્મમાં નીચે દર્શાવેલ Special Field (Optional Paper)માંથી કોઈ પણ એક પેપર પસંદ કરીને તેનો કોડ લખવાનો રહેશે.**

A 507 Classroom Management
A 508 Educational and Mental Measurement & Educational Statistics
A 509 Teacher Education

**ડૉ. એ. વી. ભાંડારી**
કા. કુલસચિવ

પ્રતિ :

૧. યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્.ની તમામ કૉલેજોના આચાર્યો / અધ્યક્ષશ્રીઓ.
૨. પૂછપરછ વિભાગ (ત્રણ નકલ)
૩. ચીફ એકાઉન્ટ્સ ઑફિસર, હિસાબ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.
૪. કેશ કાઉન્ટર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.
૫. રૂમ નં. ૧૪ એલિજિબિલિટી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.